# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-02-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL BODY ELECTION RESULT

રાજ્યની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આજે મતગણતરી થઈ રહી છે. એક પછી એક બેઠકોના પરિણામ સામે આવી રહ્યા છે, જેમાં મોટા ભાગની બેઠકો પર ભારતીય જનતા પાર્ટી જીત આગળ વધી રહી છે. જૂનાગઢ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીમાં પણ ભાજપનો વિજય થયો છે. સાંભળીએ જુનાગઢના અમારા પ્રતિનિધિ સંજીવ મહેતાનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ : સંજીવ મહેતા – પ્રતિનિધિ)

66 નગરપાલિકાની ચૂંટણીમાં પણ ભાજપ સરસાઇ મેળવી રહ્યું હોવાના છેલ્લા અહેવાલ મળી રહ્યાં છે. મહીસાગર જિલ્લાની લુણાવાડા , સંતરામપુર , બાલાસિનોર નગરપાલિકા સહિત ખાનપુર તાલુકાની કનોડ તાલુકા પંચાયતમાં ભાજપનો વિજય થયો છે. સુરેન્દ્રનગર જિલ્લાની થાનગઢ નગરપાલિકાની ચૂંટણીમાં પણ ભાજપે જીત મેળવી છે. નગરપાલિકાની 28 બેઠકોમાંથી 25 બેઠકો પર ભાજપની જીત થઈ છે. દરમિયાન , બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં 33 બેઠકોમાંથી 27 પર વિજય મેળવીને ભારતીય જનતા પાર્ટીએ સત્તા જાળવી રાખી છે.

બોટાદ નગરપાલિકા તથા ગઢડા નગર પાલિકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી માટે પણ આજે મતગણતરી હાથ ધરાઇ. પ્રસ્તુત છે એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ: પ્રકાશ ભિમાણી, પ્રતિનિધિ)

ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત 213 બેઠકો અગાઉ જ બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. જેનું રવિવારે મતદાન સંપન્ન થયું હતું. . . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL RAJKOT HOSPITAL

રાજકોટની એક મેટરનીતિ હોસ્પિટલનાં વાયરલ વીડિયો અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું  છે કે, આ મામલે જવાબદારો સામે કડક પગલાં લેવાશે.

(બાઇટ: ઋષિકેશ પટેલ – આરોગ્ય મંત્રી)

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# SOIL HEALTH CARD SCHEME

ધરતીપુત્રોને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે લાગુ કરવામાં આવેલી સોઇલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ આજ સુધીમાં રાજ્યના બે કરોડ પંદર લાખ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે.

ખેડૂતો માટે આ પ્રકારની યોજના અમલમાં મૂકવાવાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું હતું.

સોઇલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ , ખેતીલાયક જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે નિર્ધારિત પદ્ધતિ અનુસાર ખેડૂતોના ખેતરમાંથી જમીનના નમૂનાઓ લેવામાં આવે છે અને પૃથ્થકરણ માટે તેમને જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. ત્યાં નમૂનાનું પૃથ્થકરણ કરીને , સોફ્ટવેર આધારિત સોઇલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. સોઇલ હેલ્થ કાર્ડમાં જમીનમાં રહેલા વિવિધ પોષક તત્ત્વોની માત્રા દર્શાવે છે , જેમાં હાલ કુલ 12 તત્વોનું પ્રમાણ દર્શાવવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# MANAV KALYAN YOJNA

છેલ્લા ત્રણ વર્ષમાં “માનવ કલ્યાણ યોજના” અંતર્ગત રાજ્યના કુલ એક લાખ 16 હજાર કરતાં વધુ કારીગરોને સાધન સહાયનું વિતરણ કરાયું છે. કુટુંબની વાર્ષિક આવક છ લાખ રૂપિયા સુધીની હોય તેવા કારીગરોને આ યોજના અંતર્ગત ભરતકામ, બ્યૂટી પાર્લર , પ્લમ્બર જેવા ૧૦ ટ્રેડના કારીગરોને ટૂલકીટ માટે ઈ-વાઉચર અપાયા છે.

રાજ્ય સરકાર દ્વારા આ યોજના અંતગર્ત વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૫ હજાર ૧૫૮ લાભાર્થીઓ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૫ હજાર ૧૨૦ તથા વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૬ હજાર મળીને કુલ એક લાખ 16 હજાર કરતાં વધુ લાભાર્થીઓને ટૂલકીટ સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# SABARKANTHA BASKETBALL

સાબરકાંઠા જિલ્લામાં ખેલ મહાકુંભ ત્રીજા તબક્કા અંતર્ગત  હિંમતનગર ખાતે મધ્ય ઝોન કક્ષા બાસ્કેટબોલ સ્પર્ધા યોજાઈ.  આ સ્પર્ધામાં ૮ ટીમોએ ભાગ લીધો , જેમાં અમદાવાદ શહેર ટીમ પ્રથમ ક્રમાંકે અને બનાસકાંઠા ટીમ દ્વિતીય ક્રમાંકે  રહી હતી. આ બંને  ટીમો હવે રાજ્ય કક્ષાએ ભાગ લેશે.

. . . . . . . . . . . . . .

# WPL

વડોદરામાં આજે મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- WPLની પાંચમી મેચ રમાશે. ગુજરાત જાયન્ટ્સની ટીમ એશલી ગાર્ડનર અને મુંબઈ ઈન્ડિયન્સ હરમનપ્રીત કૌરની આગેવાનીમાં મેદાનમાં ઉતરશે. આ મેચ સાંજે સાડા 7 વાગ્યે શરૂ થશે.

આ અગાઉ ગઈકાલે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ દિલ્હી કૅપિટલ્સને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો.

. . . . . . . . . . . . .